આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૩૫૮ | ૧૧ માર્ચ, ૨૦૧૪, મંગળવાર; ફાગણ સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

જેમ લાકડું પોતાની અંદર પ્રગટ થતા અગ્નિથી ભસ્મ થઇને નાશ પામે છે એ જ રીતે મનુષ્ય પોતાના હૃદયમાં રહેનાર તૃષ્ણાથી નાશ પામે છે

- મોરારિ બાપુ



પાનખરની બીક ના બતાવો... - સત્યને સ્વીકારવું એ જીવનની ખુમારી છે... અને પ્રકૃતિ પોતાના આચારથી માનવ જાતને એક સંદેશ આપે છે... પીંપળ પાન ખરંતા હસતી કુંપળીયા, અમ વીતી તુમ વીતશે ધીરી બાપુડીયા.... પ્રકૃતિનો ક્રમ છે. બીજમાંથી વૃક્ષ બને, વૃક્ષ ખીલે એટલે લીલાછમ પાન બને... વસંતમાં ફુલ અને ફળથી વૃક્ષની શોભા વધે અને વસંત બાદ તરત જ પાનખર આવે અને પાન ખરવા માંડે.... આ જ વાત માનવ જાત સાથે સંકળાયેલી છે... બાલ્યાવસ્થા, યુવાવસ્થા, વૃદ્ધાવસ્થા અને અંતે.... અલવિદા.... કાળ નીરંતર વહ્યા કરે છે... માત્ર ને માત્ર સમયને ઓળખીને ચાલવામાં વિવેક છે... લીલું પાન પીળું પડવાનું જ છે, ડાળી ઉપરનું પાન ખરવાનું જ છે, એમ બાલ્યાવસ્થા પણ વૃદ્ધાવસ્થામાં પરિણમવાની છે... 'જવાની જવાની જ છે... અને જીવનમાં પણ પાનખર આવવાની જ છે... એટલે મોતની બીક ન રાખી જીવનને રસભર જીવીએ... એ જ સત્ય છે...

(તસવીર : દિપક જાની)

# જિલ્લા પંચાયતના પ્રમુખ સામે સહિ ઝુંબેશ

## કારોબારી સમિતિ, શિક્ષણ સમિતિ, ૨૦ મુદ્દા અમલીકરણ સમિતિ સહિતના વિવાદોને લઈ આ સહિ ઝુંબેશ હાથ ધરાયાની શંકા

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ હીના પટેલ સામે સભ્યોએ સહિ ઝુંબેશ હાથ ધરી હોવાની વાતોને લઈ પંચાયતના રાજકારણમાં ગરમાવો જોવા મળી રહ્યો છે.

જિલ્લા પંચાયતના પ્રમુખ દ્વારા બારોબાર નિર્ણયો લેવાતા હોવાના આરોપો સાથે આ સહિ ઝુંબેશ શરૂ થઈ છે. જો કે આ ઝુંબેશ લોકસભાની ચૂંટણીઓ જાહેર થતાં ધીમી પડી જવા પામી છે. તો એવી પણ ચર્ચા થાય છે કે ચૂંટણીને ધ્યાને રાખી પક્ષના કેટલાક મોવડીઓએ આવી ઝુંબેશ સ્થગિત કરવા સૂચનાઓ આપી છે.

જિલ્લા પંચાયતના સભ્યોમાં ચેરમેનપદ અને અન્ય બાબતોને લઈ ઉકળતા ચરૂ જેવી સ્થિતિ પ્રવર્તી રહી છે. સભ્યો અંદરોઅંદર જૂથબંધીની રાજનીતિમાં એવા તો અટવાયા છે કે શું કરવું અને કેમ કરવુ તેની દ્વિધામાં અટવાયા કરે છે. પંચાયતનો વહીવટ જૂથબંધીમાં ભારેખમ અટવાયો હોવાની વાત સ્પષ્ટ બની છે.

સભ્યોમાં ચાલતી સહિઝુંબેશને લઈ પંચાયતના પ્રમુખ શ્રીમતિ હીના પટેલ અજાણ હોવાનું તેમના નિકટવર્તી સાધનોમાંથી જાણવા મળ્યું છે. જો કે સભ્યોમાં અસંતોષ હવે છાપરે ચડી પોકારી રહ્યો છે.

તાજેતરમાં કારોબારી સમિતિના ચેરમેનની સત્તા છેલ્લી ઘડીએ પરત લેવાનો પ્રસ્તાવ જે રીતે સામાન્ય સભામાં રજુ થયો તેનાથી સભ્યોમાં નારાજગીનું પ્રમાણ વધવા પામ્યું છે. કારોબારી સમિતિના ચેરમેન શ્રી રામાજી ઠાકોરે તો એ જ દિવસે પક્ષના સ્થાનિક નેતાઓ સમક્ષ નારાજગી વ્યકત કરી રાજીનામાની ઓફર કરી હતી. જો કે સ્થાનિક નેતાઓની દરમ્યાનગીરીથી મામલો થાળે પડ્યો હતો પરંતુ તેનો ઘુઘવાટ હજુ શમ્યો નહિ હોવાનું જાણવા મળેલ છે.


પંચાયતની સામાન્ય સભામાં વિપક્ષ જે રીતે આક્રમક બની પ્રહાર કરે છે તેને લઈ પણ કોંગ્રેસની આંતરિક જૂથબંધી હોવાની વાતો ચર્ચાઈ રહી છે.

● અનુસંધાન પાન-૭ પર

## NEWS બિટ્સ

**● આશીષ ખૈતાન દિલ્હીથી ચૂંટણી લડશે**

જાસુસીકાંડને બહાર લાવનાર



હોનહાર પત્રકાર આશીષ ખૈતાનને આમ આદમી પાર્ટીની નવી દિલ્હીની બેઠક માટે ટિકિટ આપવાની જાહેરાત કરી છે.

**● જયાપ્રદા રાષ્ટ્રિય લોકદળમાં જોડાયા**

જાણીતા અભિનેત્રી અને પૂર્વ સાંસદ જયાપ્રદા અને અમરસિંહ વિધિવત રીતે રાષ્ટ્રિય લોકદળમાં જોડાયા છે. રાષ્ટ્રિય લોકદળના સુપ્રિમો અજીતસિંહે બંનેને આવકાર



આપી લોકસભાની ચૂંટણી લડવા અનુરોધ કર્યો હતો. જયાપ્રદા બિજનૌર બેઠક પરથી અને અમરસિંહ ફતેપુર સિક્રીની બેઠક પરથી ચૂંટણી લડશે.

**● એ. રાજાને ડીએમકેની પુનઃ ટિકિટ**

દેશભરમાં ટેલીકોમ કૌભાંડની ચર્ચા જગાવનાર એ.



રાજાને ડીએમકેની ટિકિટ મળી છે. એ. રાજાને પુનઃ ટિકિટ અપાતા ભારે ચર્ચા જાગી છે. ડીએમકેએ સોમવારે પ્રથમ યાદી જાહેર કરી હતી જેમાં એ. રાજાનું નામ સામેલ છે.

## 'ચાય પે ચર્ચા' અંગે ચૂંટણીપંચમાં ફરિયાદ

મહિલા દિને યોજાયેલ નરેન્દ્ર મોદીના 'ચાય પે ચર્ચા' કાર્યક્રમ અંગે ચૂંટણીપંચમાં ફરિયાદ કરવામાં આવી છે. આચારસંહિતાની જાહેરાત થયા બાદ યોજાયેલા આ કાર્યક્રમથી મતદારોને રીઝવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હોવાનું કહેવાય છે. એક સાથે ૧૧૦૦ થી વધુ સ્થળોએ આ કાર્યક્રમ યોજી ઉપસ્થિત સૌ કોઈને ચા પીવડાવી રીઝવવામાં આવ્યા હોવાનું કહેવાય છે.


## નિવૃત્તિ બાદ હાઈકોર્ટ/સુપ્રિમકોર્ટમાં જોડાતા અધિક સચિવ શ્રી કે. જી. વણઝારાને ઋણાંજલિ...



શ્રી કે.જી. વણઝારા

**ગુજરાત સરકારના અધિક સચિવ અને નિયામક (વિકસતી જાતિ/OBC/NT/DNT/ લઘુમતિ) શ્રી કે.જી. વણઝારા નિવૃત્તિ બાદ ગુજરાત હાઈકોર્ટ અને સુપ્રિમકોર્ટમાં વકીલ તરીકે જોડાયા છે ત્યારે.....**

[illegible]

## શ્રદ્ધાંજલિ



**સ્વ. તનુજ હિમાંશુ જાની**

[illegible]

હિમાંશુ | દામિની | જયની

